**GOVERNMENT ARTS AND COMMERCE COLLEGE, NETRANG**
**TA -NETRANG, DI-BHARUCH** **TELE.NO. (O) (02643) 283417**
**Email: gaccnetrang@gmail.com** **Website: www.gaccnetrang.gujgov.edu.in**
**prin-gaccnetrang@gujgov.edu.in** **Accredited 'B' 2.32 CGPA by NAAC**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

25th
25 YEARS OF EXCELLENCE
GOVERNMENT ARTS & COMMERCE COLLEGE, NETRANG

તા.૩૦/૦૩/૨૦૬

# અહેવાલ

અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ નેત્રંગ, જિ. ભરુચ ખાતે તા. 23/03/2026 થી 28/03/2026 સુધી નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) અને કૉલેજના ઇનોવેશન ક્લબ તથા SSIP CELLના સંયુક્ત ઉપક્રમે 30 કલાકના સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યુ હતું. આચાર્યશ્રી ડૉ. જી. આર . પરમાર સાહેબના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વૈજ્ઞાનિક અભિગમ અને પ્રાયોગિક કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી "Creative Design Thinking and DIY Kit Practical Program" વિષય પર ૩૦-કલાકના સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સનું આયોજન ઇનોવેશન ક્લબના કો-ઓર્ડિનેટર અમ્બુજ ઇન્દ્ર પ્રસાદ તિવારી દ્વારા કરવામાં આવ્યુ હતું અને વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે નિષ્ણાત તરીકે શ્રી ચીરાગભાઈ ચૌહાણ (Life skill and innovation expert) ઉપસ્થિત રહ્યા હતા. આ છ દિવસીય સઘન તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને 'ડિઝાઇન થિંકિંગ'ના પાયાના સિદ્ધાંતો સમજાવવામાં આવ્યા હતા.આ ૩૦ કલાકના કોર્સમાં 60 વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે, સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર તમામ સહભાગીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કોલેજના આચાર્યશ્રી અને સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી અને તેમની ધગશની પ્રશંસા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમગ્ર કૉલેજ પરિવાર સહયોગી બન્યો હતો.